# રમતગમતના સાધનોના વ્યવસ્થાપક

## (સ્પોર્ટ્સ ઇક્વિપમેન્ટ મેનેજર્સ)

સ્પોર્ટ્સ ઇક્વિપમેન્ટ મેનેજર્સ, ટીમ દ્વારા ઉપયોગમાં લેવાતા સાધનો અને વસ્ત્રોના સંગ્રહ, આયોજન, જાળવણી અને દેખરેખ માટે જવાબદાર છે. તેઓ એ પણ સુનિશ્ચિત કરે છે કે ખેલાડીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા પહેલા તમામ સાધનો સલામતીને લગતી જરૂરિયાતોને પૂર્ણ કરે છે.



### વ્યક્તિગત નિપુણતા

- તમે રમતગમતનો આનંદ માણો છો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે
- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો
- તમને વસ્તુઓને સુવ્યવસ્થિત રીતે રાખવાનું ગમે છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૨૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

### શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

### લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

### પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ખેલ વ્યવસ્થાપન (સ્પોર્ટ્સ મેનેજમેન્ટ)માં સ્નાતકની ડિગ્રી મેળવો. અથવા

ખેલ વ્યવસ્થાપન (સ્પોર્ટ્સ મેનેજમેન્ટ)માં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

એથ્લેટિક ઇક્વિપમેન્ટ મેનેજર્સ એસોસિએશન, યુ.એસ.એ. તરફથી પ્રમાણપત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરો.

**અથવા**

રમતગમત ઉદ્યોગમાં ઇન્ટર્નશિપ કરો. ઇન્ટર્નશિપ પૂર્ણ કરી, સ્પોર્ટ્સ મેનેજમેન્ટમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

### અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સ્પોર્ટ્સ ઇક્વિપમેન્ટ મેનેજરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૯,૦૦૦ થી ૧,૨૬,૦૪૨*** જેટલું હોય છે. આ રકમ દરેક રમત મુજબ બદલાતી રહે છે.

સ્રોત: https://in.talent.com/salary?job=equipment manager

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વ્યાવસાયિક રમતગમતની ટીમો, માઈનોર લીગ ટીમો, કોલેજ અથવા હાઈસ્કૂલ સ્તરની એથ્લેટિક્સ ટીમો, રમત-ગમતના સાધનોની કંપનીઓ, વગેરે.

**ઉદ્યોગસાહસિકતા :** તમે તમારી પોતાની સ્પોર્ટ્સ મેનેજમેન્ટ કંપની શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે સ્ટેડિયમ, અખાડા અથવા વ્યાયામશાળા જેવી રમત-ગમતની સુવિધાના સાધન કક્ષમાં કામ કરી શકો છો. સામાન્ય રીતે, તમે અઠવાડિયામાં લગભગ ૪૫ કલાક કામ કરશો પરંતુ તમે જે રમત સાથે સંકળાયેલા છો તે રમતના વ્યવસ્ત સમય દરમિયાન તમારે વધારાના કલાકો કામ કરવાની જરૂર પડી શકે છે. આ કામગીરી શારીરિક રીતે શ્રમ માંગી લે તેવી છે. તમે ભારે સાધનો ઉપાડવા અને તેનું વહન કરવા માટે સક્ષમ હોવા જોઈએ.

★આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક વ્યવસ્થાપક-ઉપકરણો → ઉપકરણ વ્યવસ્થાપક → વહિવટી સહાયક અથવા સહાયક ઉપકરણ વ્યવસ્થાપક → ઉપકરણ વ્યવસ્થાપક → સ્પોર્ટ ઈક્વિપમેન્ટ કંપનીમાં ઉચ્ચ કક્ષાની ભૂમિકા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ મેનેજર, એથ્લેટિક ઈક્વિપમેન્ટ મેનેજર, કિટ મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મૌલાના અબુલ કલામ આઝાદ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, કોલકાતા
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. આઈ.આઈ.એમ., રોહતક
૪. અલાગપ્પા યુનિવર્સિટી, કરાઈકુડી
૫. જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, રાજસ્થાન
૬. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર
૭. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૮. તામિલનાડુ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ચેન્નાઈ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ
૩. આયર્નવુડ સ્પોર્ટ્સ મેનેજમેન્ટ ગ્લોબલ એકેડમી, મુંબઈ
૪. શ્યામાપ્રસાદ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ, કોલકાતા
૫. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ ડૉ. ડી. વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૬. કે. જે. સોમૈયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, મુંબઈ
૭. એમ.આઈ.ટી. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, પુણે
૮. મારવાડી યુનિવર્સિટી, રાજકોટ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો:**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**દીપેશ ગાવંડ** મુંબઈ સિટી ફૂટબોલ ક્લબના ઉપકરણ મેનેજર છે. તેમણે એગ્નેલ પોલીટેકનિક, વાશી, મુંબઈમાંથી મિકેનિકલ એન્જિનિયરીંગમાં સ્નાતકની પદવી હાંસલ કરી છે. અગાઉ, ગાવંદ નવી મુંબઈ સ્પોર્ટ્સ એસોસિએશનમાંથી ફૂટબોલ રમ્યા હતા.*

સ્રોત : https://twitter.com/gawanddeepesh

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.